
For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# લગ્નની કંકોત્રીની આડમાં આવેલી APK ફાઈલે પોલીસને દોડાવી...




**હેકર્સનો ગુજરાત પોલીસના ૩ હજારથી વધુ જવાનોના ફોન હેક કરવાનો પ્રયાસ**

**સુરત PCB PI રાજેન્દ્ર સુવેરાની સમયસૂચકતાથી મોટું સાયબર ષડયંત્ર નિષ્ફળ**

સુરત/અમદાવાદ: વોટ્સએપ પર એપીકે ફાઈલ મોકલીને એકાઉન્ટ હેક કરી લેવાની ઘટનાએ ગુજરાત પોલીસને આજે દોડતી કરી દીધી હતી. લગ્નની કંકોત્રીના નામે એક પોલીસ અધિકારીનું વોટ્સએપ એકાઉન્ટ હેક કરીને બાદમાં તેમના કોન્ટેક્ટના આધારે રાજ્યના ૩,૦૦૦થી વધુ પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓના મોબાઇલમાં વોટ્સએપમાં આ એપીકે ફાઈલ મોકલવામાં આવી હતી. જોકે, સુરત પીસીબી

...અનુસંધાન પાના ૭ પર

## પીઆઈ સુવેરાને જાણ હતી કે રાઠવાના પરિવારમાં હાલમાં કોઈ શુભપ્રસંગ નથી અને સ્કેમ પકડાઈ ગયું



સુરત પીસીબીના પીઆઈ રાજેન્દ્ર સુવેરાના મોબાઈલ પર પણ પીઆઈ રાઠવાના નામે લગ્નની કંકોત્રીની APK ફાઇલ આવી હતી. પીઆઈ સુવેરા પીઆઈ રાઠવા અને તેમના પારિવારિક માહોલથી પરિચિત હોવાથી તેમને જાણ હતી કે રાઠવા પરિવારમાં હાલ કોઈ શુભ પ્રસંગ નથી. વળી, પીડીએફ કે ઈમેજને બદલે 'APK' ફોર્મેટમાં કંકોત્રી આવતાં તેમને તુરંત જ

...અનુસંધાન પાના ૭ પર

## કઈ રીતે રચાયું હતું સાયબર ષડયંત્ર?

મળતી માહિતી મુજબ, પૂર્વે સુરતમાં ફરજ બજાવી ચૂકેલા અને હાલ અમદાવાદ ખાતે કાર્યરત પીઆઇ રાઠવાના મોબાઇલ પર અજાણી લિંકથી APK ફાઇલ આવી હતી. આ ફાઇલ ડાઉનલોડ થતાં જ તેમનો ફોન સાયબર હેકર્સ દ્વારા હેક કરી લેવામાં આવ્યો હતો. હેક થયેલા ફોનમાં રહેલા આશરે ૫,૦૦૦થી ૬,૦૦૦ જેટલા કોન્ટેક્ટ્સ, જેમાં મોટાભાગના રાજ્યભરના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ હતા, તેમના પર પીઆઇ રાઠવાના પરિવારમાં લગ્ન હોવાનું જણાવી કંકોત્રી સ્વરૂપે માલિશિયસ એપીકે ફાઇલ મોકલવામાં આવી હતી. લગભગ ૩,૦૦૦થી વધુ પોલીસકર્મીઓને ટાર્ગેટ બનાવી આ ફાઇલ ડાઉનલોડ કરાવવાનો તુક્કો હેકર્સે અજમાવ્યો હતો.




## ૨,૦૦૦થી વધુ એલર્ટ મેસેજ મોકલી પોલીસ અધિકારીઓ-કર્મચારીઓને સાવચેત કરાયા હતા

પીસીબી પીઆઈ રાજેન્દ્ર સુવેરાએ સમય ગુમાવ્યા વિના તાબડતોબ પોલીસ ગ્રુપ્સ અને સંપર્કોમાં ૨,૦૦૦થી વધુ એલર્ટ મેસેજ મોકલ્યા હતા. તેમણે તમામ પોલીસકર્મીઓને સ્પષ્ટ સૂચના આપી કે પીઆઈ રાઠવાના નંબર પરથી આવેલી લગ્નની કંકોત્રી વાળી કોઈપણ APK ફાઇલ ખોલવી

...અનુસંધાન પાના ૭ પર

# ઉત્તરવહી ચકાસણીમાં ભૂલો કરનાર ૩૭૦ શિક્ષકને રૂ. ૫.૭૨ લાખનો દંડ

**ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૬ના મધ્યસ્થ મૂલ્યાંકનમાં બેદરકારી સામે કાર્યવાહી**

**ધોરણ-૧૦માં એક શિક્ષકની ૧૩૨ ભૂલ, રૂ.૧૩,૨૦૦નો સૌથી વધુ દંડ**

સુરતઃ ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૬ દરમિયાન યોજાયેલા મધ્યસ્થ મૂલ્યાંકન દરમિયાન ઉત્તરવહીઓની ચકાસણીમાં બેદરકારી દાખવનારા શિક્ષકો સામે જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી છે. ઉત્તરવહી અને પૂરવણીઓની ચકાસણીમાં થયેલી ભૂલો બદલ કુલ ૩૭૦ શિક્ષકને રૂ.૫,૭૨,૬૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ, ધોરણ-૧૦માં સૌથી વધુ શિક્ષકો ઉત્તરવહી ચકાસણીની ભૂલોમાં દંડિત થયા છે. ધોરણ-૧૦ના કુલ ૧૬૨ શિક્ષકોને મળીને રૂ. ૨,૪૪,૫૦૦નો દંડ કરવામાં આવ્યો છે. આ પૈકી એક શિક્ષકને સૌથી વધુ રૂ. ૧૩,૨૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે. એટલે કે આ શિક્ષકે ઉત્તરવહી ચકાસણી દરમિયાન ૧૩૨ જેટલી ભૂલો કરી હોવાનું ગણતરી પરથી સ્પષ્ટ થાય છે. ધોરણ-૧૨ના સામાન્ય પ્રવાહમાં ૧૦૪ શિક્ષકને કુલ રૂ.૧,૩૫,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે. આ પ્રવાહમાં એક શિક્ષકને સૌથી વધુ રૂ.૩,૬૦૦નો દંડ થયો છે. એક ભૂલના રૂ.૧૦૦ પ્રમાણે ગણતરી કરવામાં આવે તો આ શિક્ષકે ઉત્તરવહી ચકાસણીમાં ૩૬ જેટલી

...અનુસંધાન પાના ૭ પર

### ઉત્તરવહી ચકાસણીમાં થયેલી સંભવિત ભૂલો

- સાચા જવાબને ગુણ ન આપવા અથવા ઓછા ગુણ આપવા.
- ખોટા જવાબને ગુણ આપી દેવા.
- વિદ્યાર્થીએ જવાબ લખ્યો હોવા છતાં કોઈ પ્રશ્ન તપાસ્યા વગર છોડી દેવો.
- પૂરવણી (સપ્લિમેન્ટરી)માં લખેલા જવાબની ચકાસણી ન કરવી.
- પૂરવણીમાં આપેલા ગુણને મુખ્ય ઉત્તરવહીના ગુણમાં ઉમેરવાનું ચૂકી જવું.
- એક જ પ્રશ્નના પેટા-પ્રશ્નોના ગુણમાં ભૂલ કરવી.
- પ્રશ્નવાર આપેલા ગુણનું સરવાળું ખોટું કરવું.
- ઉત્તરવહીના પ્રથમ પાના પર લખવામાં આવેલા કુલ ગુણ અને અંદરના પ્રશ્નવાર ગુણ વચ્ચે તફાવત રહેવું.
- મોડરેશન/નક્કી કરેલી માર્કિંગ સ્કીમ મુજબ ગુણ ન આપવો.
- કોઈ પ્રશ્નમાં વિદ્યાર્થીએ યોગ્ય મુદ્દો લખ્યો હોવા છતાં માર્કિંગ સ્કીમ મુજબના ગુણ ન આપવા.
- પ્રશ્ન નંબર ખોટો વાંચીને બીજા પ્રશ્નના જવાબના ગુણમાં નોંધ કરી દેવા.
- એક જ જવાબના ગુણ બે વખત ગણવા અથવા ગણતરીમાંથી રહી જવા.
- કુલ ગુણની ગણતરીમાં એકાદ ગુણ ઉમેરવાનું કે બાદ કરવાનું રહી જવું.

**સુરતમાં ઓગસ્ટમાં 12થી 15 વર્ષની વયનાં પાંચ કિશોર-કિશોરીના આપઘાતથી ચિંતા**

# માતાએ બહેન સાથે મસ્તી નહીં કરવા કહેતાં 13 વર્ષના વિદ્યાર્થીનો આપઘાત

**બહેને ભાઈને દાદરની ગ્રીલ ઉપર ફાંસો ખાધેલી હાલતમાં જોઈ માતાને બૂમ પાડી બોલાવી**



સુરતઃ રાંદેર વિસ્તારમાં મંગળવારે ધોરણ-8માં અભ્યાસ કરતા 11 વર્ષીય બાળકે આપઘાત કરી લીધો હતો. ઓગસ્ટ મહિનામાં જ સુરતમાં 12થી 15 વર્ષની ઉંમરના પાંચ બાળકો અને કિશોરીઓએ આપઘાત કરી જીવન ટુંકાવ્યું હોવાની ચોંકાવનારી માહિતી સામે આવી છે.

સિવિલ હોસ્પિટલમાંથી મળેલી

...અનુસંધાન પાના ૭ પર

## કિશોરાવસ્થામાં 'ઠપકો' કરતાં 'સાથ' વધુ જરૂરી

નવી સિવિલ હોસ્પિટલના માનસિક વિભાગનાં વડાં ડો.ઋતંભરા મહેતાના જણાવ્યા મુજબ કિશોરાવસ્થા બાળકના જીવનની અત્યંત સંવેદનશીલ અવસ્થા છે. આ સમયગાળામાં મગજનો વિકાસ ચાલુ હોય છે અને બાળકની નિર્ણય લેવાની તથા મુશ્કેલીમાંથી બહાર નીકળવાની ક્ષમતા હજી સંપૂર્ણ પરિપક્વ બની હોતી નથી. અભ્યાસનું દબાણ અને માતા-પિતાની અપેક્ષાઓ આ ઉંમરે બાળકો પર મોટો ભાર મૂકી શકે છે. સાથે જ શારીરિક અને હોર્મોનલ ફેરફારો, મોબાઈલ-ઇન્ટરનેટ અને સોશિયલ મીડિયાનો વધતો ઉપયોગ પણ તેમના વિચારો અને વર્તનને અસર કરી શકે છે. તેથી બાળકના વર્તનમાં

...અનુસંધાન પાના ૭ પર

## બદલાતી જીવનશૈલીમાં એકલતા પણ પડકાર

માતા-પિતા બંને નોકરી કરતાં હોય ત્યારે બાળકોને પૂરતો સમય ન મળવો, સિંગલ-ચાઇલ્ડ પરિવારોનું વધતું પ્રમાણ અને સંયુક્ત પરિવારની ઘટતી વ્યવસ્થા પણ બાળકોના સામાજિક સપોર્ટને અસર કરી શકે છે. અગાઉ બાળકોને ભાઈ-બહેન, કાકા-મામાનાં બાળકો અને પરિવારના અન્ય સભ્યો સાથે સમય વિતાવવાની વધુ તક મળતી હતી. હવે બદલાતી જીવનશૈલીમાં બાળકનો મોટાભાગનો સમય સ્ક્રીન, મોબાઈલ અથવા સોશિયલ મીડિયા સાથે પસાર થતો જોવા મળે છે. આ સ્થિતિમાં પરિવાર સાથેનો ખુલ્લો સંવાદ વધુ મહત્ત્વનો બની જાય છે.

**વડોદરા-ભરૂચ વચ્ચે સરાસવાણી પાસે ટ્રેલર સાથે અથડાઈને પલટ્યું**

# દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર ૧૨.૬ ટન LPG ટેન્કર પલટ્યું : દુર્ઘટના ટળી



**ચાલકને સામાન્ય ઈજા, ગેસ લીકેજ નથી, ફાયરબ્રિગેડે બાજી સંભાળી**

(પ્રતિનિધિ) વડોદરા,તા.1: દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર વડોદરા-ભરૂચ વચ્ચે મોટી દુર્ઘટના ટળી હતી. 12.6 ટન એલપીજી ભરેલું આઈઓસીએલ કંપનીનું ટેન્કર પલટી જતા તંત્રમાં દોડધામ મચી ગઈ હતી.

...અનુસંધાન પાના ૭ પર

## એક્સપ્રેસ-વે વન-વે કરાતાં કલાકો સુધી ટ્રાફિક જામ, વાહનચાલકોમાં આક્રોશ

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર એલપીજીનું ટેન્કર પલટી જવાની ઘટના બાદ તંત્ર દ્વારા રાત્રિથી જ એક્સપ્રેસ-વેને વન-વે કરી દેવામાં આવ્યો હતો. અકસ્માતના કલાકો બાદ પણ ગેસ ટ્રાન્સફરની કામગીરી શરૂ ન થતાં હાઈવે પર કિલોમીટરો સુધી લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. સંખ્યાબંધ વાહનચાલકો કલાકો સુધી ટ્રાફિકમાં ફસાયા હતા, જેને કારણે લોકોમાં તંત્ર સામે ભારે આક્રોશ જોવા મળ્યો હતો. એક વાહનચાલકે જણાવ્યું હતું કે, આવા હાઈ-ટેક હાઈવે પર નાના-મોટા અકસ્માત સર્જાતા જ દર

...અનુસંધાન પાના ૭ પર



# આમોદના ઈખરમાં ધોરણ-૨ના વિદ્યાર્થીને શિક્ષકે પાઈપથી ફટકાર્યો

**બાળકના શરીર પર ઉઝરડાનાં નિશાન, અગાઉ પણ માર્યો હોવાના માતાના આક્ષેપ**

ભરૂચ: આમોદના ઈખર ગામે આવેલી સરકારી કુમાર પ્રાથમિક શાળામાં ધોરણ-૨ના વિદ્યાર્થીને શિક્ષકે પાઈપ વડે માર મારી નિર્દયતા આચાર્યાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. ઘટનામાં બાળકના શરીર પર સ્પષ્ટ ઉઝરડાનાં નિશાન જોવા મળ્યાં છે, જેણે સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચાવ્યો છે.

આ ઘટના ત્યારે પ્રકાશમાં આવી જ્યારે શાળાએથી પરત ફરેલા અંદાજે ૭-વર્ષીય વિદ્યાર્થી હસનૈન રિઝવાન દીવાનના શરીર પર ઘા અને નિશાન જોઈને તેનાં માતા આસિયા દીવાન ચોંકી ઊઠ્યાં હતાં. બાળકને પૂછપરછ કરતાં તેણે રડતાં-રડતાં જણાવ્યું કે, મને થોડું આવડતું ન હોવાથી સરે પાઈપથી માર્યો હતો.

માતા આસિયા દીવાને આક્ષેપ કર્યો

...અનુસંધાન પાના ૭ પર

### તાત્કાલિક તપાસના આદેશ આપી દીધા છે: સચિન શાહ

આ સમગ્ર મામલો શિક્ષણ વિભાગ સુધી પહોંચતાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સચિન શાહે ફોન પર પ્રતિક્રિયા આપતાં જણાવ્યું કે, આ ઘટના સાચી છે. અમે આમોદ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને તાત્કાલિક તપાસના આદેશ આપી દીધા છે. જો તપાસમાં કોઇ જવાબદાર નીકળશે તો તેની સામે કડક કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.

# વિન્ટર શિડ્યુઅલમાં સુરતને ફરી મળશે શારજાહની સીધી ફ્લાઈટ!

**ખાડી યુદ્ધને લીધે બંધ પડેલી એર ઇન્ડિયા એક્સપ્રેસની શારજાહ-સુરત-શારજાહ સેવા ફરી શરૂ થવાના સંકેત; 6 નવેમ્બરનું ટિકિટ બુકિંગ ઓપન**

સુરતઃ ઈરાન વિરુદ્ધ અમેરિકા અને ઇઝરાયલ વચ્ચે સર્જાયેલા યુદ્ધ સંગ્રામ અને તેના કારણે મધ્યપૂર્વના હવાઈ ક્ષેત્રમાં ઊભી થયેલી પરિસ્થિતિને પગલે 28 ફેબ્રુઆરીથી બંધ કરવામાં આવેલી એર ઇન્ડિયા એક્સપ્રેસની શારજાહ-સુરત-શારજાહ ફ્લાઈટ હવે વિન્ટર શિડ્યુઅલથી ફરી શરૂ થવાની શક્યતા છે. એરલાઈને શુક્રવાર, 6 નવેમ્બરની ફ્લાઈટ માટે ટિકિટ બુકિંગ ઓપન દર્શાવતાં સુરતના મુસાફરોમાં આશા જાગી છે.

મળતી માહિતી મુજબ, એર ઇન્ડિયા એક્સપ્રેસ દ્વારા સુરતથી શારજાહ માટે સીધી ફ્લાઈટનું બુકિંગ શરૂ કરવામાં આવ્યું છે. ઓનલાઈન બુકિંગમાં સુરતથી શારજાહ જતી ફ્લાઈટ IX-341 દર્શાવવામાં આવી રહી છે. ફ્લાઈટ બપોરે 3.15 વાગ્યે સુરતથી ઉપડશે અને સાંજે 4.50 વાગ્યે શારજાહ પહોંચશે. ફ્લાઈટનો કુલ સમય અંદાજે 3 કલાક 5 મિનિટ રહેશે.

સૂત્રોના જણાવ્યા મુજબ, વિન્ટર શિડ્યુઅલ દરમિયાન શારજાહ-સુરત-શારજાહ ફ્લાઈટ સપ્તાહમાં ત્રણ દિવસ ઓપરેટ કરવામાં આવે

...અનુસંધાન પાના ૭ પર

### શારજાહ - સુરત - શારજાહ ફ્લાઇટ મુસાફરોના અંદાજિત આંકડા

| વર્ષ | કુલ મુસાફરો | સરેરાશ લોડ ફેક્ટર |
|---|---|---|
| 2019 (ફેબ્રુઆરી-ડિસેમ્બર) | 65,000 | 75% |
| 2020 (COVID અસર) | 28,000 | 50% |
| 2021 | 40,000 | 60% |
| 2022 | 78,000 | 82% |
| 2023 | 95,000 | 88% |
| 2024 | 1,05,000 | 90% |
| 2025 | 1,10,000+ | 92% |

( કુલ મળીને 5 વર્ષમાં અંદાજે 4.5 થી 5 લાખ મુસાફરોએ આ રૂટનો લાભ લીધો હતો.)

## દિલ્હી-સુરતની મોર્નિંગ ફ્લાઇટ પણ ફરી શરૂ થશે

સુરત એરપોર્ટ માટે અન્ય એક મહત્વપૂર્ણ સમાચાર એ છે કે એર ઇન્ડિયા એક્સપ્રેસે અગાઉ બંધ કરવામાં આવેલી દિલ્હી-સુરત-દિલ્હીની મોર્નિંગ ફ્લાઇટ પણ વિન્ટર શિડયુઅલથી ફરી શરૂ કરવાનો નિર્ણય લીધો હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત માહિતી અનુસાર, વિન્ટર શિડયુઅલ WS26માં એર ઇન્ડિયા એક્સપ્રેસ દ્વારા દિલ્હીથી સુરત માટેની ફ્લાઇટ સવારે ઓપરેટ કરવામાં આવશે. ઉપલબ્ધ શિડયુઅલ મુજબ ફ્લાઇટ સવારે 5.35 વાગ્યે દિલ્હીથી ઉપડી 7.35 વાગ્યે સુરત પહોંચશે, જ્યારે સુરતથી સવારે 8.10 વાગ્યે ઉપડી 10.05 વાગ્યે દિલ્હી પહોંચશે. આ સેવા દરરોજ ઉપલબ્ધ રહેવાની માહિતી સામે આવી છે. દિલ્હી-સુરત મોર્નિંગ ફ્લાઇટ શરૂ થવાથી ખાસ કરીને આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ મારફતે દિલ્હી પહોંચ્યા બાદ સુરત આવવા માંગતા મુસાફરોને મોટી રાહત મળશે. અગાઉ મોર્નિંગ કનેક્ટિવિટી ન હોવાને કારણે મુસાફરોને લાંબી રાહ જોવી પડતી હતી અથવા અન્ય શહેરો મારફતે મુસાફરી કરવી પડતી હતી.

**માંડવીના ગોદાવાડી ગામ ખાતે થયેલી હત્યા અને લૂંટ પ્રકરણમાં મોતને ભેટનાર**

# નિધિએ જાણભેદુ માટે દરવાજો કેવી રીતે ખોલ્યો હશે? તે પોલીસ માટે મોટો પ્રશ્ન!

**પોલીસને આશંકા છે કે જાણભેદુએ નિધિ સાથે સામાન્ય મોબાઈલ ફોનને બદલે એપ્લિકેશનથી કોન્ટેક્ટ કર્યો હોવો જોઈએ**

**પોલીસને નિધિના મોબાઈલના સીડીઆરમાંથી કોઈ શંકાસ્પદ ફોન નંબર નહીં મળ્યા, હવે સમગ્ર આધાર એફએસએલ પર**



માંડવીઃ માંડવીના ગોદાવાડી ગામ ખાતે નિધિ પટેલની હત્યા અને લૂંટની ઘટના પોલીસ માટે મોટો કોયડો બની ગઈ છે. ઘટનાને સાત દિવસ થવા છતાં પણ પોલીસ હજુ સુધી કશું શોધી શકી નથી. પોલીસને હજુ સુધી હત્યારાઓ નથી મળ્યા કે નથી કોઈ સુરાગ મળ્યો. જોકે, જે રીતે હત્યા થઈ અને નિધિના લેપટોપમાંથી કશું મળ્યું નથી તેણે પોલીસ બેડાને ભારે આશ્ચર્યમાં મૂકી દીધો છે. કહે છે કે પોલીસને આ કેસમાં અનેક વિગતો મળી છે અને તપાસ અનેક દિશાઓમાં કરવી પડે તેવી સ્થિતિ છે પરંતુ જ્યારે ભેદ ઉકેલાશે ત્યારે અનેક વળાંકો બહાર આવશે તેવું મનાઈ રહ્યું છે.

આખા સુરત જિલ્લામાં ભારે ચકચાર જગાવનાર આ નિધિ પટેલ હત્યા અને લૂંટ પ્રકરણમાં જે રીતે લૂંટ થઈ તે તેવું બતાવી રહ્યું છે કે, આ હત્યા અને લૂંટને એક વ્યક્તિ કે તેથી વધુ વ્યક્તિ પણ અંજામ આપી શકે છે. પોલીસ આ બાબતે મુંઝવાઈ છે. બીજું દરવાજો નિધિ પાસે ખોલાવડાવવામાં આવ્યો છે. જે જાણભેદુ હોવાની આશંકા છે પરંતુ નિધિના મોબાઈલ ફોન પરથી થયેલા કોલમાં આવી કોઈ જ જાણભેદુનો નંબર નથી. પોલીસને એવું અનુમાન છે કે, નિધિ સાથે

...અનુસંધાન પાના ૭ પર

# કુંભારીયાના ગણપતકાકાના બટાકાવડામાં 'લસણ'ની જેમ 'ગંદકી' પણ ભારોભાર!

**મનપાએ ગંદકીના વાઈરલ વિડીયોના આધારે સંચાલકને 10 હજારનો દંડ કર્યો**

**આસપાસ સ્વચ્છતા રાખવાની સાથે કારીગરોને મોજા પહેરાવીને કામ કરાવવા તાકીદ કરાઈ**




સુરત : પુણા-કુંભારિયા ગામમાં આવેલી ગણપતકાકાનાં ગોટાની દુકાનમાં ભારે ગંદકી અને સાફ-સફાઈનાં અભાવ અંગેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં જ તંત્ર દોડતું થઈ ગયું હતું. આજે સવારે લિંબાયત ઝોનની આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ઘટના સ્થળે પહોંચીને દુકાનનાં સંચાલકોને તાકિદનાં ધોરણે સાફ સફાઈ કરવાની સાથે - સાથે નિયમોનું ચુસ્ત પાલન કરવા માટે અલ્ટીમેટમ આપ્યું હતું. બીજી તરફ વાયરલ થયેલ વીડિયોનાં આધારે ગણપત કાકાનાં ગોટા સંચાલકને 10 હજાર રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. જે રીતે ગણપતકાકાના ગોટામાં 'લસણ' હોય છે તેવી રીતે જ 'ગંદકી' પણ ભારોભાર મળી છે.

ચોમાસાનાં પ્રારંભ સાથે જ સ્વાદ રસિક સુરતીઓમાં ભજીયાની મિજબાનીનો અલગ જ ક્રેઝ જોવા મળે છે. કુંભારિયા મેઈન રોડ પર આવેલ ગણપત કાકાનાં ગોટાનાં નામે વેચાતા લીંબુ - ગોટા ખાવા માટે પણ સવારથી જ મોટી સંખ્યામાં શહેરીજનોની લાઈનો જોવા મળતી હોય છે. આ સ્થિતિમાં ગત રોજ ગોટાનાં નામે ભજીયાનું વેચાણ કરતાં આ એકમની આસપાસ પારાવાર ગંદકી અને સાફ સફાઈના અભાવ અંગેનો વીડિયો સોશિયલ મીડિયામાં ભારે

...અનુસંધાન પાના ૭ પર

સોળમી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ
નજર સમક્ષ કાયમ રહી, હવે ફક્ત છબી જ જોવાની
છોડ્યો અમારો સાથ અચાનક લીધી વિદાય,
કોને કહીશું અંતરની વાત,
તમારા જીવનનાં દિવ્ય સ્મરણો હર હંમેશા રહેશે યાદ,
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.
લિ. ગંસ્વ.સુશીલાબેન બાબુભાઈ પટેલ
મિનેષભાઈ બાબુભાઈ પટેલ (પુત્ર) દિપિકાબેન મિનેષભાઈ પટેલ (પુત્રવધુ)
રાકેશભાઈ બાબુભાઈ પટેલ (પુત્ર) દિપિકાબેન રાકેશભાઈ પટેલ (પુત્રવધુ)
તેજસભાઈ જયંતિભાઈ પટેલ (ભત્રીજા) નુતનબેન તેજસભાઈ પટેલ (ભત્રીજાવહુ)
હિતેષભાઈ જયંતિભાઈ પટેલ (ભત્રીજા) ખુશબુબેન હિતેશભાઈ પટેલ (ભત્રીજાવહુ)
કાળીદાસભાઈ આર. પટેલ (જમાઈ) સુનિતાબેન કાળીદાસભાઈ પટેલ (પુત્રી)
પિંકલ, દીક્ષા, રુત્વી, પેરી, હિયા, નક્ષ, રુહી, હર્ષિવ
નિવાસ સ્થાન : ૩૧૧, પરમાર સ્ટ્રીટ, વેસુ, સુરત
સ્વ.બાબુભાઈ છનાભાઈ પટેલ
સ્વ.તા.૦૨.૦૯.૨૦૧૦



ભાવભીની શ્રદ્ધાંજલિ
આપની ચિર વિદાયથી અમે કલ્પવૃક્ષ સમા વડીલ ગુમાવ્યા છે,
સ્નેહ, સમર્પણ અને સેવાના સદ્ગુણોથી અમારા જીવનમાં સંસ્કારોનું
સિંચન કરી પરિશ્રમ અને પરમાર્થની ઉચ્ચ ભાવનાથી અમને સૌને
સદૈવ પ્રેરિત કરનાર આપને સાદર નત મસ્તકે પ્રણામ.
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એવી પ્રાર્થના..
લિ.
ધનસુખભાઈ દયાળભાઈ પટેલ (જમાઈ) | વાસંતીબેન ધનસુખભાઈ પટેલ (પુત્રી)
ધવલભાઈ ધનસુખભાઈ પટેલ | હિમાનીબેન ધવલભાઈ પટેલ
વિકીભાઈ ધનસુખભાઈ પટેલ | હેનીબેન વિકીભાઈ પટેલ
પરિમલભાઈ સુરેશભાઈ પટેલ | નિરંજનાબેન પરિમલભાઈ પટેલ
વિધાન ઝીયા
સ્વ. બાબુભાઈ બુધિયાભાઈ પટેલ
જન્મ તા. ૦૧/૦૧/૧૯૪૯
સ્વ. તા. ૨૮/૦૮/૨૦૨૬



દુઃખદ અવસાન - બેસણું
અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે અમારા સ્વજન તપન દલાલ (ઉંમર: ૫૩) નું તારીખ ૧ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સ્વર્ગવાસ થયેલ છે. સદગતના આત્માની શાંતિ અર્થે બેસણું રાખવામાં આવ્યું છે.
તારીખ: ૨ સપ્ટેમ્બર ૨૦૨૬ સમય: સાંજે ૫:૦૦ થી ૭:૦૦
સ્થળ: બદ્રીનારાયણ મંદિર, BAPS હોસ્પિટલ પાસે, અડાજણ, સુરત
શોકાતુર પરિવાર
સ્વ. મુકુંદ દલાલ | સ્વ. કનકલતા દલાલ
પૂર્વી દલાલ (પત્ની) | પર્જન્ય દલાલ (પુત્ર)
પંકજ દલાલ | નયના દલાલ
રસેશ દલાલ | દીપા દલાલ
હિરેન દલાલ | ગીતા દલાલ
દીપેન દલાલ | અલ્પા દલાલ
જીગર દલાલ | કૃતિ દલાલ
સ્વ. તપન દલાલ
સ્વ. તા. ૦૧/૦૯/૨૦૨૬



અવસાન, બેસણું, શ્રદ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧
છેલ્લા પાને ₹૧૮૦૦/- | અંદરના પાને ₹૧૫૦૦/- | છેલ્લા પાને કલર ₹૨૫૦૦/-
ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને ₹ ૪૫૦૦/- | અંદરના પાને ₹ ૩૦૦૦/- | છેલ્લા પાને કલર ₹ ૫૨૦૦/-
(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

૨૯મી પુણ્યતિથિએ યાદાંજલિ
વર્ષો વીત્યા છતાં પણ જાણે કાલની જ આ કહાણી,
દોડતી સવાર તારી શરૂ થતી તે લાવતી થાક ભરેલી સાંજ...
સ્વહસ્તેના આગ્રહથી તમા ઘર-નોકરી-પરીવારની,
તેમ છતાં મઘમઘતું રસોડું, લોન્ડ્રીથી ઉજળા કપડાં...
સતત કોરી ખાતો અમને રહ્ક્ષણનો મલાલ એ,
સંઘર્ષના ફળ ચાખ્યા પહેલા અકાળના પ્રસ્થાનનો...
નિમેષ બી. આહિર – કલ્પના એન. આહિર
પિનલ – પાયલ
વૈભવ – અવધિ, ધ્રુવી
સ્વ. કલાવતી બી. આહિર
આગમન તા.: ૨૩/૦૨/૧૯૫૩
પ્રસ્થાન તા.: ૦૨/૦૯/૧૯૯૭



દસમી માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ
અમારા બધા પ્રત્યે પ્રેમ અને સ્નેહની અખૂટ ધારા વરસાવીને સંસ્કારરૂપી અમીનું સિંચન કરનાર આપને અમો નતઃ મસ્તકે હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલી અર્પણ કરીએ છીએ.
પ્રભુ તમારા આત્માને પરમ શાંતિ અર્પે....
લિ.
શ્રી વામનભાઈ સુખાભાઈ ઉર્ફે નારણભાઈ પટેલ
શ્રી જયકુમાર વામનભાઈ પટેલ
શ્રી હર્ષકુમાર વામનભાઈ પટેલ
શ્રી ધ્રુવિલકુમાર શાંન્તુભાઈ પટેલ
શ્રી શીવકુમાર ઈશ્વરભાઈ પટેલ
(ઓમ, શિવ, ટિયા, ઉર્જા)
સ્વ. શાંતિલાલ ઉર્ફે શાન્તુભાઈ નારણભાઈ પટેલ
(માજી સરપંચ)
જન્મ તા. ૦૪.૦૧.૧૯૬૯
સ્વ.તા. ૦૨.૧૧.૨૦૨૫
નિવાસસ્થાન : ૩, પટેલ ફળીયુ, વડોદ ગામ, ભેસ્તાન, સુરત.

